# આમિર ખાન મેલબર્નના ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં લગાનના સ્પેશ્યલ સ્ક્રીનિંગમાં આપશે હાજરી



આમિર ખાન ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં યોજાનારા ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલની ૧૭મી એડિશનમાં ભાગ લેશે. અહીં તે પોતાની સુપરહિટ ફિલ્મ 'લગાન'ના સ્પેશ્યલ સ્ક્રીનિંગમાં હાજરી આપશે. ભારતની બહાર ભારતીય સિનેમાના સૌથી મોટા ઉત્સવ મનાતા આ ફેસ્ટિવલનું આયોજન ૧૩થી ૨૩ ઓગસ્ટ દરમ્યાન મેલબર્નમાં કરવામાં આવશે. ૯ જુલાઈએ યોજાનારા ફેસ્ટિવલના પ્રારંભિક કાર્યક્રમમાં 'લગાન'નાં ૨૫ વર્ષ પૂરાં થવાની ઉજવણી કરવામાં આવશે. આશુતોષ ગોવારીકરના ડિરેક્શનમાં બનેલી આ પિરિયડ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી યાદગાર ફિલ્મોમાંની એક છે.